ભીલોડામાં પરણિતાના અપમૃત્યુનું ઘેરાતું રહસ્ય

મૃતદેહ કબ્રસ્તાનમાંથી બહાર કાઢી પી.એમ. માટે મોકલી આપ્યો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના ભીલોડાની પરણિતાના અપમૃત્યુનું રહસ્ય ઘેરાઈ રહ્યું છે. પરણિતાના મૃત્યુ બાદ સાસરીયાએ પોસ્ટમોર્ટમ કરાવ્યા વગર મૃતદેહને કબ્રસ્તાનમાં દફનાવી દેતાં સાસરીયાં શંકાના દાયરામાં આવી ગયા છે. પિતાની ફરીયાદના આધારે પોલીસે મૃતદેહને કબરમાંથી બહાર કાઢી પોષ્ટમોર્ટમ માટે મોકલી આપેલ છે.

બનાવની વિગત અનુસાર રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના પ્રતાપપુરાના વતની યુસુફભાઈ ઈંદુભાઈ લુહારની પુત્રી રૂબીનાના લગ્ન ૬ વર્ષ પહેલાં ભીલોડા ખાતે રહેતા ઈમ્તીયાજ મુન્નાભાઈ લુહાર સાથે થયા હતા પરંતુ સાસરીયાં દ્વારા રૂબીનાને અવારનવાર શારીરીક અને માનસીક ત્રાસ આપવામાં આવતો હતો. તા. ૬-૬-૧૪ના રોજ રૂબીનાના અપમૃત્યુના સમાચાર તેની સાસરીપક્ષના લોકોએ પિયરીયાંઓને આપ્યા હતા જેથી પિયરપક્ષના લોકો તેની દફન વિધિમાં ગયા હતા ત્યારે સાસરીયાંએ જણાવ્યું હતું કે તમારી દીકરીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. ત્યારે પિયર પક્ષના લોકોના પગ તળેથી ધરતી ખસી ગઈ હતી અને દીકરીના પોષ્ટ મોર્ટમ માટે આગ્રહ કર્યો હતો. પરંતુ સાસરીપક્ષના લોકોએ પી.એમ. માટે ઈન્કાર કરી મૃતદેહને કબ્રસ્તાનમાં દફનાવી દીધો હતો.

રૂબીનાના પિતાએ પોલીસ સ્ટેશનમાં દીકરીના અપમૃત્યુ અંગે ન્યાયી તપાસ માટે ફરીયાદ કરતાં પોલીસે મૃતદેહને કબરમાંથી બહાર કાઢી પી.એમ. માટે મોકલી આપેલ છે.

રૂબીનાના અપમૃત્યુ બાદ તેની અંતિમ વિધિ માટે મૃતદેહને નવડાવતા હતા ત્યારે તેના શરીર ઉપર મારના નિશાન જોવા મળ્યા હતા. જે રૂબીનાની બહેને મોબાઈલમાં કેદ કર્યા હતા. રૂબીનાના અપમૃત્યુનું રહસ્ય ઘેરાઈ રહ્યું છે. ત્યારે પોલીસ સાચી દિશામાં તપાસ કરી રૂબીનાના પરિવારજનોને ન્યાય આપે અને ગુન્હેગારોને સજા થાય તેવી લોકમાંગ થઈ રહી છે.

નારણપુરા વિસ્તારમાંથી દોરાની ચિલઝડપ કરાઈ

અગાઉ પણ માધુપુરામાં લૂંટ થઈ ત્યારે હોક સ્કવોડનો ફિયાસ્કો થયો હતો. ગઈકાલે ફરીથી અમદાવાદ પોલીસનો ફિયાસ્કો થઈ ગયો છે. શનિવારે નિર્ણયનગર પાસે એક મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચરોને પકડવા માટે ૧૨૪ પોલીસ કર્મચારીઓની ખાસ હોક સ્કવોડ બનાવાઈ છે અને આ સ્કવોડના પોલીસ કર્મચારીઓને પેટ્રોલિંગ માટે ૨૨૦ સીસીની ૬૨ પલ્સર બાઈક પણ આપવામાં આવી છે. જ્યારે ૨૪ ગ્રામ સોનાનો દોરો તુટ્યો તે સમયે નારણપુરા પોલીસ સ્ટેશનના ચાર પોલીસ કર્મીઓ ફરજ પર હાજર જ ન હતા અને તેથી ચેઈન સ્નેચરોને જાણે કે મોકળું મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે.

પાલનપુરમાં ૬૮ લાખના વિકાસ કામોનું ખાત મુહૂર્ત કરાયું

પાલનપુર, તા. ૮

પાલનપુર નગરપાલિકા દ્વારા તાજેતરમાં વરસાદી પાણીની સબલાઈનના સાત કામો તેમજ થ્રીમીક્ષ રોડનું કુલ અંદાજીત રૂ. ૬૮ લાખના કામોનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢીયારના નેજા હેઠળ પાલનપુર પાલિકા દ્વારા વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં વરસાદી પાણીના સાત કામો રૂ. ૧૮,૫૧,૮૨૭ તથા થ્રીમીક્ષ રોડનું રૂ. ૪૯,૪૩,૨૦૦ મળી કુલ અંદાજીત રૂ. ૬૮ લાખના કામો હાથ ધરાયા છે. આજે નંદીગ્રામ સોસાયટીમાં મુકેશભાઈ સોલંકી તથા મીલનભાઈના વરદ્‌હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે શિવનગર સોસાયટી કર્ણાવતી સ્કૂલ, ભીલવાસ તળાવ સુધી, વિદ્યામંદિર ગેટ નં.-૩ ભવદીપ સોસાયટી, બેચરપુરા શક્તિનગર સબ લાઈન અને લાયન્સ હોલ પાસે વરસાદી પાણીની સબલાઈન તેમજ મીરાગેટ મુરસદ બાવાની દરગાહથી નલિનભાઈ શાહના દવાખાના સુધીના માર્ગનું મુહૂર્ત કરાયું હતું. આ કાર્યક્રમમાં કારોબારી ચેરમેન વિજયભાઈ જોષી, સાગર પરમાર તેમજ સ્થાનિક રહીશો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્કૃત પાઠશાળામાં ૩૦ દ્વારા "વિધારંભ સંસ્કાર"

અમદાવાદ, તા.૦૮

આજના સમયમાં શિક્ષણનું મહત્વ ડિગ્રી મેળવવા પુરતુ જ સીમિત થઈ ગયું છે ત્યારે સાબરમતી વિસ્તારમાં આવેલી હેમચન્દ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળામાં આજે ૩૦ જેટલા બાળકોએ વિધારંભ સંસ્કાર લીધા હતા. વિધારંભ વાજતે-ગાજતે, હાથી-ઘોડા, વાજિંત્રો સાથે કરાવવામાં આવ્યા હતા. આપણી હિન્દુ સંસ્કૃતિના રૂષિ-મુનિઓના સમયકાળ દરમિયાન વિધાભ્યાસનું જે મહત્વ હતું. બિલકુલ તેવી જ રીતે આ ગુરૂકુળમાં ભણતરની સાથે-સાથે જીવન ઉપયોગી શિક્ષણ આપવામાં આવે છે. આ ગુરૂકુળમાં પ્રવેશ લેનાર બાળકોને સંસ્કૃતની સાથે જ્યોતિષ, આયુર્વેદ, માટીકામ, ન્યાયશાસ્ત્ર, વૈદિક ગણિત, જિમ્નોશિયમ જેવી આત્મહિતલક્ષી ૭૨ કળાઓનું શિક્ષણ આપવામાં આવે છે.

પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસરનો વિદાય અને નવા ચીફ ઓફિસરનો સન્માન સમારંભ યોજાયો

પાલનપુર,તા. ૮

પાલનપુર નગરપાલિકામાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા યુ.ડી. સિન્ધાસાહેબની કરમસદ મુકામે બદલી થતાં તેમજ તેમની જગ્યાએ નવા ચીફ ઓફિસર એસ.કે. ગરવાલ પાલનપુર નગરપાલિકામાં હાજર થતાં મુખ્ય અધિકારી યુ.ડી. સિંધાના વિદાય સમારંભ તેમજ એસ. કે.ગરવાલનો સન્માન સમારંભ નગરપાલિકા કચેરી હોલમાં યોજાયો હતો. જેમાં નગરપાલિકા પ્રમુખ હસમુખ એમ. પઢીયાર, કારોબારી ચેરમેન વિજયભાઈ જોષી અને મ્યુ. સદસ્ય તેમજ નગરપાલિકા કર્મચારીઓ હાજર રહેલ. પ્રમુખે વિદાય લેતા ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધાને મોમેન્ટો આપી તેમનું સન્માન કરેલ તેમજ અન્ય સભ્યશ્રીઓ તેમજ અન્ય કર્મચારીઓએ પણ ભેટ સોગાદો આપી તેમને ભાવભીની વિદાય આપી હતી. તેમજ નવા આવેલ ચીફ ઓફિસરને પ્રમુખે શાલ ઓઢાડી તેમને આવકાર્યા. મ્યુ. સભ્યો તથા કર્મચારીઓએ પણ આવકાર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓ.એસ. એ.ડી. પઢીયારના સુચન મુજબ સંજય વ્યાસ અને મહેશભાઈ જોષી કરેલ હતું.

પ્રાંતિજમાં રીલ લાઈફમાં જોવા મળતી મિત્રતા રીયલ લાઈફમાં જોવા મળી

વર્ષોથી બહાર રહેતા મિત્રોએ ભેગા મળતા કૃષ્ણ-સુદામા જેવા દેશ્યો સર્જાયા

પ્રાંતિજ, તા. ૮

આપણે મિત્રતાની મિશાલ ફક્ત ફિલ્મોમાં જ નિહાળી છે. તેમજ ટી.વી. પર બતાવાતી ધારાવાહિક શ્રેણીમાં દોસ્તી બતાવવામાં આવે છે. ત્યારે આવી જ મિત્રતા પ્રાંતિજમાં જોવા મળી રહી છે. સાડા ચાર દાયકા જુના મિત્રો દ્વારા દર વર્ષે એક સ્થળે મળીને જૂની યાદોને વાગોળવામાં આવે છે.

પ્રાંતિજ શહેરમાં આવેલ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં ૧૯૭૦-૭૫ વર્ષની બેચમાં અભ્યાસ કરતા મિત્રો વર્ષે એક વખત હોટલમાં પરિવાર સાથે મળે છે ત્યારે પોતાના નોકરી ધંધાર્થે વડોદરા, મુંબઈ, સુરત જેવા શહેરોમાં રહેતા મિત્રો તાજેતરમાં ભેગા થયા હતા.

મિત્રો એકઠા થયા હતા ત્યાં કૃષ્ણ-સુદામા જેવા દેશ્યો સર્જાયા હતા. ખાનગી હોટલમાં એકઠા થયા હતા. જેમાં વડોદરા સ્થિત ડૉ. મયુર અડાલજા, મુંબઈ રહેતા ભૂપેન્દ્ર મહેતા, પ્રાંતિજના વેપારી નિઝામુદ્દીન ભૂરાવાલા, નિરંજન પંચાલ, ભાર્ગવ પંડ્યા, નિલેશ સોની, ભાઈલાલભાઈ પટેલ, નવિન પટેલ, ઈશ્વર નરસિંઘાણી, સુરેશ મિસ્ત્રી અને ઉમર મુન્શી ઉપસ્થિત થયા હતા. જ્યાં મિત્રોએ મનભરીને વાતો કરી હતી. ભાવુક દેશ્યો પણ સર્જાયા હતા. ત્યારે ફક્ત ફિલ્મોમાં જોવા મળતી મિત્રતા રીયલમાં પણ જોવા મળી હતી.

પાટણના ચાટાવાડા ગામે કૃષિ મહોત્સવ ઉજવાયો

પાટણ, તા. ૮

પાટણ જીલ્લામાં હકારાત્મક અભિગમ સાથે અને ખેડુતોના ઉત્સાહી વાતાવરણમાં કૃષિ મહોત્સવ પણ અંતિમ તબકકામાં પહોચ્યો છે ત્યારે આજ રોજ સિધ્ધ્પુર તાલુકાના બિલીયા તેમજ ચાટાવાડા મુકામે કૃષિરથનું આગમન થયું હતું .

આ -સંગે ઉપસથિત ખેડુતોને સંબોધન કરતા દાંતીવાડા કૃષિ યુનિર્વસીટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ.કે.એ.ઠકકરએ ખેડુતોને કૃષિની સંશોધન આધારિત ભલામણનો અમલ કરી નફાકારક ખેતી કરવા આહવાન કર્યૂ હતું. તેઓશ્રીએ વિવિધ પાકોની ખેતી પધ્ધતિઓ ની સમજ આપી વધુ ઉત્પાદન આપતા બાગાયતી પાકોનું વાવેતર કરી વધુ આવક મેળવવા માર્ગદર્શન આપ્યુ હતું.

મદદનીશ ખેતી નિયામક, શૈલેષભાઈ પટેલે ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજનાની સમજ આપી, આવા બનાવ બને ત્યારે ૯૦ દિવસ ના સમયમર્યાદામાં ખાતેદાર ખેડુતના વારસદારે જરુરી આધારો સાથે જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને અરજી કરવા સમજ આપી હતી. તેઓશ્રીએ આધુનિક કૃષિ તકનીકી, હાઈટેક હોર્ટીકલ્ચર, મુલ્યવર્ધન ટ્રેકટર, રોટાવેટર, પ્લાઉ, થ્રેશર અને વિવિધ બિયારણોની સહાયનો લાભ લેવા જણાવ્યું હતું.

કૃષિવૈજ્ઞાનીક ડૉ.એમ.એસ.પટેલે ખેડુતોને બિયારણની પસંદગી અને કટોકટી અવસ્થાએ પિયત આપવા બાબતે સમજ આપી હતી. તેમજ સંકલીત રોગજીવાત નિયંત્રણ ના પગલાં બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

આ -સંગે -ગતીશીલ ખેડુત અયુબભાઈ સલેમાનભાઈ માનસીયાએ તેમની ૨૦ વીઘા જમીનમાં રુ ૪ લાખના ખર્ચ ટપક ફુવારા પધ્ધતિ લગાવેલ છે. તેઓનું મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. તેઓશ્રીએ ચાલુ સાલે ફુવારા પધ્ધતિથી ૧૩ વીઘા બટાટામાં રુ.૪ લાખનો ખર્ચ કરી ૪૦૦ મણ એક વીઘા દીઠ ઉત્પાદન મેળવી નવ લાખની ઉપજ મેળવી અને રુ. ૫ લાખની ચોખ્ખી આવક મેળવવાની સફળ વાર્તા રજૂ કરી હતી. અને ખેડુતોને પણ ટપક પધ્ધતિ અપનાવવા અનેરોધ કર્યો હતો.

આ તબકકે કૃષિની ૨૪ કીટસ, બાગાયતની ૨૧ કીટ્સ પશુપાલનની ૩૦ કીટ્સ મળી કૂલ ૭૫ કીટ્સનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતુ આ તબકકે હાજર ખેડૂતોએ ટપક સિંચાઈ અપનાવવા સંકલ્પ લીધા હતા.

આ તબકકે ગ્રામજનો દ્વારા મુખ્યમંત્રીશ્રીના કુપોષણ નાબુદી અભિયાનને સાર્થક કરવા આંગણવાડીના બાળકો માટે રુ.૩૨૦૦ જેટલો ફાળો એકત્ર કરાયો હતો. આ -સંગે પાટણ ખેતી અધિકારીશ્રી નરેન્દ્રભાઈ ચૌધરી, બાગાયતી અધિકારી,આત્મા યોજનાના બીટીએમ વેટરનરી ડૉકટર શ્રી આર.આર. પટેલ, સહીત અધિકારીઓ, પદાધિકારીઓ, સરપંચશ્રીઓ, અને મોટી સંખ્યામાં ખેડુત ભાઈઓ તથા બહેનો ઉપસથિત રહ્યા હતા.

હિંમતનગરના કાંકરોલ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આવેલા કાંકરોલ ગામ પાસે રવિવારે બપોરે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા એ ડીવીઝન પોલીસ સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ અક્ષય સોસાયટીમાં રહેતા ઘનશ્યામભાઈ માણેકલાલ ભાવસાર રવિવારે બપોરના સમયે પોતાની બાઈક પર કાંકરોલ નેશનલ હાઈવે રોડ ક્રોસ કરી રહ્યા હતા.

દરમિયાન હિંમતનગર તરફથી શામળાજી તરફ જઈ રહેલ કારની ટક્કર વાગતા બાઈકચાલક ઘનશ્યામભાઈ રોડ પર પટકાયા હતા. પરિણામે માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ પર તેમનું મોત નીપજ્યું હતું. આ અકસ્માત અંગે હિંમતનગર એ ડીવીઝન પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળે ત્યાર બાદ હિંમતનગર સિવિલમાં જઈને ફરિયાદ લેવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણામાં વકરતા કથિત ભ્રષ્ટાચારને નાબુદ કરવા લાંચ રૂશ્વત વિરોધી શાખા લાચાર

મહેસાણા, તા.૮

મહેસાણા જિલ્લામાં કથિત ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતની વકરેલી બદીને અટકાવવામાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાનું તંત્ર નિષ્ક્રિય રહેતાં પ્રજામાં તંત્રની કામગીરી અંગે સંદેહ પેદા થયો છે.

આમ જનતામાં ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લાના કેટલાક સરકારી તંત્રો મહેસૂલ, પોલીસ, રજીસ્ટ્રાર, માર્ગ-મકાન સબ રજીસ્ટ્રાર, સીટી સર્વે, પંચાયત, શિક્ષણ, ઉદ્યોગ કેન્દ્ર, આરટીઓ, વેચાણવેરા યાને વેટ ચેરીટી કચેરી, ખાણ ખનિજ વગેરેમાં ભ્રષ્ટાચાર અને લાંચરૂશ્વતની બદી વકરી ગઈ છે. જિલ્લા અને તાલુકા કક્ષાની કેટલીક સરકારી કચેરીઓ, તંત્રોમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ ભ્રષ્ટ રીતે રસમો અજમાવીને યેનકેન પ્રકારે આમ જનતાના કામોમાં, સરકારી યોજનાઓને લગતા કામમાં રીતસર ગેરકાયદે નાણાં લેતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે. કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સીધી યા આડકતરી રીતે (વચેટીયા, દલાલ, એજન્ટ) મારફતે લાંચ રૂશ્વત લેવામાં લેશ માત્ર ડર અનુભવતા નથી તેવું કહેવાય છે.

મહેસાણા જિલ્લામાં લાંચ રૂશ્વત વિરોધી શાખા છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. ભૂતકાળમાં આ કચેરીના કેટલાક અધિકારીએ લાંચ અંગેના સફળ છટકા ગોઠવીને જિલ્લાની વિવિધ કચેરીઓ, પોલીસ મથકોના વર્ગ ૧ થી ૪ સુધીના ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓને પકડી પાડી સફળ કામગીરી કરી હતી. પરંતુ છેલ્લા કેટલાક વખતથી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરી નબળી રહેતાં જિલ્લાની જનતામાં અધિકારીઓની કામગીરી સામે શંકા કુશંકાઓ જાગી છે. જિલ્લામાં છેલ્લા બે ત્રણ વર્ષ દરમિયાન લાંચ રૂશ્વતને લગતા જૂજ કેસો થયા છે. જેમાં મોટા ભાગે નાના કર્મચારીઓ જ પકડાયા છે જયારે વર્ગ-૧, ૨ના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને કોઈ આંચ આવી નથી તેવું ચર્ચાય છે. આવી સ્થિતિને લીધે એ.સી.બી.ની કામગીરી પ્રત્યે લોકોમાં સંદેહ પેદા થયો છે. ભ્રષ્ટાચારને ડામવા માટે ખાસ અસરકારક ઝુંબેશ હાથ ધરાતી નથી. પરિણામે ભ્રષ્ટ તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. એસીબીના અધિકારીઓ દ્વારા જિલ્લાની કેટલીક સરકારી કચેરીઓમાં ખાનગી રાહે તપાસ થાય તો ભ્રષ્ટ તત્વો ઝપટમાં આવી જાય તેમ છે.

પી.એસ.આઈ. પર ગાડી ફેરવી દેનાર બુટલેગર હજુ પોલીસ પકડથી બહાર

ઊંઝા, તા. ૮

મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોમાં નોંધાયેલ દારૂબંધીના ગુનાઓમાં વોન્ટેડ આરોપીની મોટરકારને ઊંઝા હાઈવે પર અટકાવનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટરને મારી નાંખવાના ઈરાદે મોટરકારની ટક્કર મારી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી મોટરકાર હંકારીને ફરાર થઈ જનાર ગંભીર ગુનાનો આરોપી છેલ્લા કેટલાક માસથી ન પકડાતાં પોલીસ તપાસ સામે લોકોમાં શંકા કુશંકા જાગી છે.

ગત ઓગષ્ટ માસમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી પી.સી. મારવાડી સ્કોર્પિયો મોટરકાર નં. જીજે-૧-એચ.એસ. ૩૩૫૫ હંકારીને સિદ્ધપુર તરફ જઈ રહ્યો હતો ત્યારે ઊંઝા પો.સ.ઈ. સી.એલ. દેસાઈએ તેની કારને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ વોન્ટેડ બુટલેગરે પોલીસનો કોઈ ડર કે ભય રાખ્યા વગર પો.સ.ઈ. ને ગાડી વડે ટક્કર મારીને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ કાર હંકારીને ભાગી છૂટ્યો હતો.

ઈજાગ્રસ્ત પી.એસ.આઈ. દેસાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે પી.સી. મારવાડી નામના વોન્ટેડ બુટલેગર વિરૂદ્ધ ખૂનની કોશીશ અંગેનો ગુનો નોંધી તપાસ આરંભી છે. પરંતુ મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો તેમજ પો.સ.ઈ.ની હત્યાની કોશીશના ગુનામાં છેલ્લા દસ માસથી નાસતા ફરતા કહેવાતા વગદાર આરોપીને હજુ સુધી પોલીસ તંત્ર પકડી શક્યું નથી. જેથી પોલીસ તપાસ સામે લોકોમાં શંકા કુશંકાઓ જાગી છે.

દરમિયાન ઊંઝા પી.આઈ.પટેલે ફરાર આરોપીને શોધવા માટે ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનના બાવ ગામે તેમજ રાણીવાડા વિગેરે સ્થળોએ જઈને અગાઉ તપાસ કરી હતી. પરંતુ આ આરોપીનો કોઈ પત્તો ન મળતા રાજસ્થાનના કરેડા પોલીસ મથકે લેખિત યાદી આપી તપાસ અધિકારી પરત ફર્યા હતા. હાલ ફરાર આરોપીની ખાનગી રાહે તપાસ ચાલી રહી હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું છે.

આમ પોલીસ અધિકારીને ટક્કર મારીને ફરાર થઈ જનાર વોન્ટેડ આરોપી મારવાડી છેલ્લા એક માસથી પોલીસને હાથ લાગ્યો નથી. મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોમાં દારૂબંધીના ગુનાનો આરોપી પી.સી. મારવાડી છેલ્લા બે વર્ષથી નાસતો ફરે છે.

રિક્ષાચાલકની પત્નીને ફાંસો આપી લૂંટ કરાઈ

શુક્રવારના રોજ અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલ રંગોલીનગરમાં એક રિક્ષાચાલકની પત્નીએ ગળે ફાંસો ખાઈને જીવન ટુકાવ્યું. રામસેવક જ્યારે ગઈકાલે સાંજે પોતાના ઘરે રોજીરોટી કમાઈને પરત ફર્યો ત્યારે તેને પોતાની પત્નીને મૃતદેહ પલંગ પર પડેલો જોતાં રામસેવકના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. અમદાવાદના વટવા વિસ્તારમાં શુક્રવારે થયેલી હત્યા વિથ લૂંટે નવો વળાંક લીધી હોય તેવું લાગી રહ્યું છે. મૃતક હેમલતા રામસેવકની બીજી પત્ની છે. આવી ચોકાવનારી વિગતો પોલીસ સમક્ષ આવી છે ત્યારે હવે પોલીસ તપાસમાં પણ જાણે રોડા નાખી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે જે સમયે પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી તે સમયે ઘરમાં ટેબલ પર ચા ના બે કપ પડેલા હતા પરંતુ આ ચા ના કપમાં ચા કોણે પીધી તે વાત કદાચ હેમલતાબેન જ જાણતા હતા તેવું લાગે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન